**બોર્ડ/નિગમ/અનુદાનિત સંસ્થાઓ/યુનિવર્સિટીઓ ના કર્મચારીઓની સાતમા પગાર પંચની ભલામણો સંદર્ભે થયેલ પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી (Verification) કરવા બાબત**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
**પરિપત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૬-ઓ.૫૭૮-(૧૯)-પગાર એકમ**
સચિવાલય, ગાંધીનગર
**તા.૨૩/૦૩/૨૦૧૮**

**વંચાણે લીધા:**

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-૧-પગાર એકમ તા.૧૬/૦૮/૨૦૧૬
(૨) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-૩-પગાર એકમ તા.૨૬/૦૮/૨૦૧૬
(૩) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક: પગર-૧૦૨૦૧૭-૯-પગાર એકમ તા.૨૩/૦૩/૨૦૧૭
(૪) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૬-ઓ-૫૭૮(૧૪)-પગાર એકમ તા.૨૬/૦૯/૨૦૧૭
(૫) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક: પગર-૧૦-૨૦૧૬-ઓ-૫૭૮(૧૬)-પગાર એકમ તા.૦૭/૦૨/૨૦૧૮

## પરિપત્ર

રાજ્ય સરકાર દ્વારા સાતમા કેન્દ્રિય પગાર પંચની ભલામણોનો સ્વીકાર કરીને રાજ્યના કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ હેઠળ તા.૦૧/૦૧/૨૦૧૬ થી "સ્કેલ ટુ સ્કેલ"ને ધોરણે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. નાણા વિભાગના તા.૨૬/૦૮/૨૦૧૬ ના પરિપત્રની સૂચના અનુસાર તમામ કર્મચારીઓની ઓન લાઈન પગાર બાંધણી IFMS હેઠળના પગાર બાંધણી મોડ્યુલમાં કરવાનો અને તા.૨૩/૦૩/૨૦૧૭ ના પરિપત્રથી પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી કરવાની સૂચના પરિપત્રિત કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારના નિર્ણય અનુસાર રાજ્યના બોર્ડ/નિગમો/અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓને નાણા વિભાગ/સરકારની મંજૂરીથી સાતમા પગાર પંચની ભલામણ મુજબ પગાર સુધારણા મંજૂર કરવામાં આવેલ છે અને તેમની ઓન લાઈન પગાર બાંધણી કરવામાં આવેલ છે. આ કર્મચારીઓની પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી કરવા અંગેની સૂચના પરિપત્રિત કરવાની બાબત વિચારણામાં હતી. પુખ્ત વિચારણાને અંતે બોર્ડ/નિગમ/અનુદાનિત સંસ્થાઓ/યુનિવર્સિટીઓના કર્મચારીઓની પગાર બાંધણીની ચકાસણી અંગે નીચે મુજબ સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) રાજ્યના બોર્ડ/નિગમના કર્મચારીઓની સાતમા પગાર પંચ મુજબની ઓન લાઈન પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી જે તે બોર્ડ/નિગમ દ્વારા કરવાની રહેશે.

(૨) રાજ્યની સાત યુનિવર્સિટીઓ (૧) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (૨) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા (૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (૪) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત (૫) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર (૬) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ અને (૭) ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરના કર્મચારીઓની

(પાછળ)

ઓન લાઇન પગાર બાંધણીની ઓન લાઇન ચકાસણી જે તે યુનિવર્સિટી દ્વારા કરવાની રહેશે. પરંતુ કર્મચારીઓની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૧૦% કર્મચારીઓના પગાર બાંધણીના કેસોની રેન્ડમ ચકાસણી હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીના પગાર ચકાસણી એકમ (PVU) દ્વારા કરવાની રહેશે અને પગાર બાંધણીમાં ક્ષતિ–અનિયમિતતા જણાયે યુનિવર્સિટીનું ધ્યાન દોરી માર્ગદર્શન આપી અનિયમિતતા/ક્ષતિ દૂર કરવાની રહેશે.

(૩) જુદા–જુદા વહીવટી વિભાગો હેઠળની તમામ અનુદાનિત સંસ્થાઓ/શાળાઓ/કોલેજો/ અન્ય યુનિવર્સિટીઓ/ટેકનીકલ સંસ્થાઓના કર્મચારીઓની ઓન લાઇન પગાર બાંધણીની ઓન લાઇન ચકાસણી હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીના પગાર ચકાસણી એકમ (PVU) દ્વારા કરવાની રહેશે.

(૪) કોઈ સંસ્થાને પગાર–ભથ્થા માટે અનુદાન આપવામાં આવતું ન હોય કે સંસ્થા પોતાના સ્વભંડોળમાંથી ખર્ચ કરતી હોય તો પણ જ્યાં કોઈ પણ પ્રકારે/કોઈ પણ હેતુ માટે સરકાર તરફથી અનુદાન/સહાય આપવામાં આવતું હોય, કે માત્ર વહીવટી અનુકૂળતા માટે સ્વાયત્તા આપવામાં આવેલ હોય તેવી તમામ અનુદાનિત સંસ્થાઓ, જેને સરકાર/નાણા વિભાગની મંજૂરીથી સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજૂર કરવામાં આવેલ હોય તેવી અનુદાનિત સંસ્થાના કર્મચારીઓની ઓન લાઇન પગાર બાંધણી કરવી ફરજીયાત છે અને તેની ઓન લાઇન પગાર બાંધણીની ઓન લાઇન ચકાસણી હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીના પગાર ચકાસણી એકમ (PVU) દ્વારા જ કરવાની રહેશે.

(૫) સર્વે બોર્ડ/નિગમ/અનુદાનિત સંસ્થાઓ/યુનિવર્સિટીઓએ તેમના કર્મચારીઓની ઓન લાઈન પગાર બાંધણી IFMS હેઠળના પગાર બાંધણી મોડ્યુલમાં જ કરવાની રહેશે તથા વખતો વખત બનેલા પ્રસંગોએ (ઈજાફા–બઢતી–ઉચ્ચતર પગાર ધોરણ) IFMS હેઠળના પગાર બાંધણી મોડ્યુલમાં ઓન લાઈન પગારની વિગતોમાં સુધારો કરી વિગતો અપડેટ કરવાની રહેશે.

(૬) ટેકનીકલ મુશ્કેલીઓને કારણે અનિવાર્ય સંજોગોમાં અનુદાનિત સંસ્થાઓ/યુનિવર્સિટીઓ દ્વારા જો કોઈ કર્મચારીની ઓન લાઈન પગાર બાંધણીને બદલે ફીઝીકલ પગાર બાંધણી કરવામાં આવેલ હોય તો તેવા કેસોની પગાર બાંધણીની ચકાસણી હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીના પગાર ચકાસણી એકમ (PVU) દ્વારા જ કરવાની રહેશે.

(૭) રાજ્યના બોર્ડ/નિગમો અને ઉકત સાત યુનિવર્સિટીઓને ઈડીપી સેલ–હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા પગાર બાંધણીની ચકાસણી માટે યુઝર આઈડી–લોગ ઈન આઈડી અને પાસવર્ડ ફાળવવામાં આવશે. દરેક બોર્ડ/નિગમ/યુનિવર્સિટીમાં પે મેટ્રિક્સના લેવલ–૧૦ થી નીચલી કક્ષાના નહીં તેવા હિસાબી સંવર્ગના અધિકારીને એપ્રુવર તરીકે નિમવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ
(પાછળ)

પ્રતિ,
* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુ. વિ. સ., સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ.
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ.
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ.
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા.
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
આઈ.ટી. કો-ઓર્ડીનેટર, નાણા વિભાગ.
ઉપરોકત પરિપત્રની નકલ નાણા વિભાગની વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.
પસંદગી ફાઈલ નાણા વિભાગ - મ, ચ, પ અને ઝ શાખા
* પત્ર દ્વારા